# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત. - ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax No :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :- www.suratdeo.org

જા.નં./મા-૩/વશી-૨૯/જૂના શિક્ષક/૨૦૨૫/ 1365 તા. 12-૦૨-૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ.સુરત.

આ સાથે શિક્ષણ વિભાગના તા.૧૦-૦૨-૨૦૨૫ના ઠરાવ ક્રમાંક : ED/MSM/e-file/3/2023/3375/G અને કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના ક્રમાંક : ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૫/૨૧૯૭-૨૨૦૦ તા.૧૧-૦૨-૨૦૨૫ના પત્રની જાણ તથા અમલવારી કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,

સુરત.જિ.સુરત

રાજ્યની બિન સરકારી અનુદાનિત, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા જૂના શિક્ષકોની ભરતી પ્રક્રિયા અંગે સૂચનાઓ બહાર પાડવા બાબત.

**ગુજરાત સરકાર**

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: **ED/MSM/e-file/3/2023/3375/G**

સચિવાલય, ગાંધીનગર.

<u>વંચાણે લીધા:</u>

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૧/૦૮/૨૦૨૪નો સમાનાંકી ઠરાવ.

(૨) કમિશનરશ્રી શાળાઓની કચેરીની સિંગલ ફાઇલ નં.૧૨૪૬ ઉપર તા.૧૬/૦૧/૨૦૨૫થી મળેલ માન.મંત્રીશ્રી (પ્રા.શિ. અને મા.શિ.)ની મંજૂરી.

<u>આમુખ:</u>

વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના ઠરાવથી રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા જૂના શિક્ષકોની ભરતી પ્રક્રિયા અંગે સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે જે ઠરાવની સુચના ક્રમાંક: ૩(૬)માં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ હતી.

*"ઉમેદવારે જૂના શિક્ષક તરીકે અરજી કરતા પૂર્વે જે શાળામાં હાલ નોકરી કરે છે તે શાળા મંડળ/આચાર્યની NOC મેળવવાની રહેશે અને NOC ની નકલ ડૉક્યુમેન્ટ વેરીફીકેશન વખતે રજૂ કરવાની રહેશે. શાળા મંડળ/આચાર્ય તરફથી સમયમર્યાદામાં ગેરવ્યાજબી કારણોસર **NOC** ન મળવાના કિસ્સામાં સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી **NOC** આપી શકશે પરંતુ આ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ અને ગ્રાન્ટ-ઇન-એઇડ કોડ-૧૯૬૪ની જોગવાઇઓ તથા મળેલ સત્તાનુસાર શાળા અને શાળામંડળ વિરુધ્ધ કાર્યવાહી કરવાની રહેશે."*

ઉક્ત જોગવાઇ મુજબ અન્ય શાળામાં નોકરી માટે અરજી કરનાર શિક્ષકને શાળા સંચાલક મંડળ પાસેથી NOC મેળવવાની રહે છે. હાલના સમયમાં કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા દરમિયાન નિયત સમયગાળામાં ઓનલાઇન અરજી કરવાની હોય છે. અને ઓનલાઇન અરજી વખતે ઉમેદવારે સંચાલક મંડળ પાસેથી મેળવેલ NOC ની તારીખ દર્શાવવાની હોય છે. પરંતુ ભરતી સમયે શાળા સંચાલક મંડળના અધિકૃત સભ્યોની ગેરહાજરી, શાળા સંચાલક મંડળના ચેરીટી કમિશનરમાં દાવા અંગે ચાલતા કેસો, શાળા સંચાલક પૈકી કોઇ સભ્ય જીવિત ન હોય તથા સમય મર્યાદા પૂર્ણ થયેથી અને નવા મંડળની નિમણૂક બાકી હોય વગેરે જેવા સંજોગોમાં ઉમેદવાર સમય મર્યાદામાં NOC મેળવી શકતા નથી કે નવી જગ્યાએ હાજર થવા છૂટા થઇ શકતા નથી. જેથી ઉપરોક્ત જોગવાઇમાં ફેર-વિચારણા થવી આવશ્યક જણાય છે.

શિક્ષકોને પોતાની પસંદગીના સ્થળે તથા પસંદગીના હોદ્દા પર ફરજ બજાવવાની તક મળે તથા તેઓ પોતાનો વ્યક્તિગત વિકાસ કરી શકે તે હેતુસર અન્ય શાળામાં જવાની અરજી કરવા માટે શાળા સંચાલક મંડળની NOC મેળવવી ન પડે અને શિક્ષક પોતાની ઇચ્છા મુજબ વ્યક્તિ સ્વાતંત્ર્યનો હક ભોગવી શકે તે હેતુસર ઉક્ત જોગવાઇમાં સુધારો કરવા અંગેની બાબત રાજ્ય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

Letter No: ED/0886/01/2025   Approved Date: 05-02-2025

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે તથા વંચાણે લીધેલ ક્રમાંક(૨) ઉપરની સિંગલ ફાઇલ પર માન.મંત્રીશ્રી(પ્રા.શિ. અને મા.શિ.)ની મળેલ મંજૂરી અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક(૧) સામેના ઠરાવમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| તા.૦૧/૦૮/૨૦૨૪ના ઠરાવની મૂળ જોગવાઇ ક્રમાંકઃ ૩(૬) | સુધારેલી જોગવાઇ |
|---|---|
| "ઉમેદવારે જૂના શિક્ષક તરીકે અરજી કરતા પૂર્વે જે શાળામાં હાલ નોકરી કરે છે તે શાળા મંડળ/આચાર્યની NOC મેળવવાની રહેશે અને NOC ની નકલ ડૉક્યુમેન્ટ વેરીફીકેશન વખતે રજૂ કરવાની રહેશે. શાળા મંડળ/આચાર્ય તરફથી સમયમર્યાદામાં ગેરવ્યાજબી કારણોસર NOC ન મળવાના કિસ્સામાં સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી NOC આપી શકશે પરંતુ આ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ અને ગ્રાન્ટ-ઇન-એઇડ કોડ-૧૯૬૪ની જોગવાઇઓ તથા મળેલ સત્તાનુસાર શાળા અને શાળામંડળ વિરુધ્ધ કાર્યવાહી કરવાની રહેશે." | આ જોગવાઈ મૂળ અસરથી રદ કરવામાં આવે છે. |

વધુમાં, શાળા સંચાલક મંડળે ઉમેદવારને નવી જગ્યાએ હાજર/છૂટા થવા માટે નિયમાનુસારની જરૂરી પ્રક્રિયા કરી સમયમર્યાદામાં હાજર/છૂટા કરવાના રહેશે. જો કોઇ કિસ્સામાં સંચાલક મંડળ દ્વારા ઉમેદવારને હાજર/છૂટા કરવામાં ન આવે તો યોગ્ય કારણો મેળવી વ્યાજબીપણાની ચકાસણી કરી જિલ્લા શિક્ષણાધિકારી ઉમેદવારને હાજર/છૂટા કરવા બાબતે યોગ્ય નિર્ણય કરી શકશે. આચાર્ય કે શિક્ષણ સહાયક ભરતી માટે અરજી કરનાર ફરજમાં ચાલુ હોય તેવા શિક્ષક/આચાર્યએ શાળા સંચાલક મંડળ પાસેથી NOC લેવાની થતી નથી પરંતુ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ની જોગવાઇ-૩૪ મુજબ શાળા સંચાલક મંડળને જાણ કર્યા અંગેનો પત્ર રજૂ કરવાનો રહેશે.

આ ઠરાવ કમિશનરશ્રી શાળાઓની કચેરીની સિંગલ ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૧૬/૦૧/૨૦૨૫ની નોંધથી મળેલ અનુમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમ અને તેમના નામે.

(એ. જી. ચૌધરી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર

Signature valid
Signed by: Alkesh Chaudhari
Under Secretary
Date: 2025.02.10 14:54:25 +05:30

File No: ED/MSM/e-file/3/2023/3375/G
Approved By: Cabinet Minister,Minister Office,ED
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

No: ED/0886/01/2025 Approved Date: 05-02-2025

- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર- ૧૯, ગાંધીનગર.
- નિયામકશ્રી, જીસીઈઆરટી. સેકટર-૧૨,ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર- ૧૦/બી, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ( નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.(નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, અમદાવાદ/ ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(ઠરાવ ઓનલાઈન મુકવા સારુ)
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ- ૨૦૨૫.
- સિલેકટ ફાઈલ- ૨૦૨૫.(ગ-શાખા)

**By E-Mail**

**ક્રમાંક: ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૫/** ૨૧૬૭ - ૨૨૦૦

**કમિશનર શાળાઓની કચેરી,**
**વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સે-૧૯,**
**ગુ.રા.ગાંધીનગર**
**તા.** ૧૧ **/૦૨/૨૦૨૫**

શિક્ષણ વિભાગના તા.૧૦/૦૨/૨૦૨૫ ના ઠરાવક્રમાંક: ED/MSM/e-file/3/2023/3375/G જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

મદદનીશ શિક્ષણ નિયામક
(ભરતી)
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા તમામ.

Signature valid
Signed by: Alkesh Chaudhari
Under Secretary
Date: 2025.02.10 14:54:25 +05:30

File No: ED/MSM/e-file/3/2023/3375/G
Approved By: Cabinet Minister,Minister Office,ED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*